# પ્રસ્તાવના

અત્યાર સુધીની આપણી ખગોળિય વિજ્ઞાનની જાણકારી પ્રમાણે સમસ્ત બ્રહ્માંડમાં એક જ જીવંત ગ્રહ હોય તો તે છે આપણી પૃથ્વી. પૃથ્વીના ભૂપૃષ્ઠ અને વાતાવરણમાં જ એવી અનુકૂળતા સર્જાઈ કે જેને લીધે પૃથ્વીની કૂખે આદિ જીવનો પ્રાર્દુભાવ થયો. એ જીવના ક્રમિક વિકાસ થકી વનસ્પતિ અને પ્રાણીઓની લાખો પ્રજાતિઓ રૂપે જીવન વિલસ્યું.

એક વર્ષમાં સૂર્યની પ્રદક્ષિણા ફરતી પૃથ્વીને સર્જનહારે પોતાની જ ધરી પર ચક્કર ચક્કર નર્તતી રમતી મુકી. જેને લીધે આપણને મળ્યા દિવસ-રાત અને સવાર-બપોર-સાંજ જેવા કાળખંડોની વિવિધતા. એમાંથી ઉદ્ભવ્યા ક્ષણે ક્ષણે પલટાતાં તેજ-છાયાના અવનવાં રૂપ.


આમ સર્જનહારે દિવસ-રાતની વિવિધતા તો આપી પણ ભમરડાની જેમ ફરતી પૃથ્વીની ધરી સહેજ ત્રાંસી નમાવી ઋતુઓનું વૈવિધ્ય આપ્યું અને આપણા જેવા દેશને તો એકમેકથી નિરાળી છ ઋતુઓનો ઋતુસંસાર આપ્યો.

આ પુસ્તકમાં નિસર્ગના અવનવાં રૂપો જેવાં કે ઋતુસંસાર, પંખીલોક, કીટલોક, વૃક્ષલોક તથા પવન-આકાશના પલટાતાં રમણીય રૂપો વિશેના નિબંધો છે.

અન્ય કોઈ સૂર્યમાળાના કોઈ ગ્રહ પર કે તારા પર જો માણસજાતને જવું વસવું હોય તો પણ આપણાથી નજીકમાં નજીકનો તારો આપણાથી ચાર પ્રકાશવર્ષ દૂર છે - જ્યાં પહોંચવું અશક્ય જ છે. તેથી આપણાં અને પૃથ્વી પરના અનેક જીવો માટે રહેવા જીવવા એક જ સ્થાન છે - આપણી પૃથ્વી. પૃથ્વીની નિસર્ગ લીલાને જોઈએ જાણીએ અને જાળવીએ.

આશા છે કે અર્હનીશ ચાલતી નિસર્ગલીલાનો એક આલેખ તમને ગમશે - પોતીકો લાગશે.

**– યજ્ઞેશ દવે**



# જમીન આકાશની બે પંખી-રાણી

વિટ્ ટિટિવ્ ટિટ્ એ અવાજ કોણે નહીં સાંભળ્યો હોય? ટિટોડી બોલવાનું શરૂ કરે ત્યારે વિટ્ સ્વરના ઉપાડથી એવું લાગે કે તે મહાપ્રાણ એકશ્વાસે દિગંત-વ્યાપી મોટી તાન મારી દેશે પણ ટિટિવ્ સ્વર આવતાં આ અંદાજ આવી જાય કે એ ગાન તો તે હમણાં જ આટોપી લેશે.

ટિટોડીના અવાજની બીજી ખૂબી મને એ લાગે છે કે તેનો અવાજ મનમાં એક મોટો વિસ્તાર જગાડે છે જેમ મસ્જિદની આઝાન. ટિટોડીને સાંભળતાં એવું લાગે કે ગીચ વસ્તી મેદાન થઈ ગઈ છે અને મન તો જાણે આકાશનો જ વ્યાપ. એક વિસ્તૃત અવકાશ અને વચ્ચે એકાકી ટિટોડીનો, આર્જવભર્યો આર્ત ચિત્કાર જાણે સાંજની છાતીમાં ખંજર. આ ટિટોડી આમ ભલીભોળી ગરીબડી ભલે લાગે પણ આમ છે બહુ પ્રગલ્ભ.

ચોમાસાની શરૂઆતમાં જ્યારે ઉજ્જડ વેરાન પથરાળ જમીન પર નાના કાંકરા ભેગા કરી નાના જ્વાળામુખીના મુખ જેવો માળો બનાવ્યો હોય તેની નજીક તમે જાવ ત્યારે જો તેના માળા તરફ તમારું ધ્યાન ન હોય તો ચૂપચાપ ઈંડાં સેવવાનું પડતું મૂકી જાણે કશુંક જાણતી જ નથી તેમ બેફિકરાઈથી ચાલવા માંડે ને ચાલ પણ કેવી રીતે પ્રગલ્ભ! લાંબા પાતળા પગ પર પાતળી દેહયષ્ટિ. એક એક ડગલું ચાલે કોઈ દમામદાર સમ્રાજ્ઞીની જેમ. જગતઆખું જાણે તેને જ જોતું હોય અને તેનાથી તે સભાન હોય છતાં એક કૃત્રિમ બેફિકરાઈ દેખાડતી હોય તેમ આમતેમ ગર્વિષ્ઠ ચાલે ચાલતી, જોતી હોય. પણ જો તમારી નજર તેનાં લંબગોળ, સુંવાળા, કાળા, રાખોડી ટપકીદાર પથ્થર જેવાં ઈંડાં પર પડી તો ખલાસ. માથા પર ટિટિયારો

મચાવી મૂકે. ઓચિંતાની માથા પર ખાબકે. ઉપર જ પાંખો ફફડાવતી ઊડ્યા કરે. ક્યારેક ચાંચ મારવા ઝંપલાવે, ક્યારેક અવકાશમાં ચીસની એક ત્રાંસી રેખા દોરી દૂર જતી રહે. ફરી આમતેમ ચીસોના લીરા ઉડાડે. ક્યારેક ઉલ્લુ બનાવવા થોડે દૂર જઈ બેસે. ત્યાં ધીમે ધીમે ચાલે કે ખોટો ખોટો જ જમીન પર ઈંડાં સેવવા બેઠી હોય તેવો ઢોંગ કરે. તમે છેતરાઈને ત્યાં જાવ તો કશું જ ન મળે.

ઈંડાંમાંથી જો બચ્ચાં નીકળ્યાં તો તેની રખેવાળી, ચોકીદારી પાકી કરે. જીવ પર આવીને ઝનૂનથી તેની રક્ષા કરે. ઈંડું સેવાય પછી બચ્ચાં પણ કેવાં જાણે પોચાં પોચાં પથ્થરિયા પોલ! જમીન પર દડબડ દડબડ દોડતાં હોય. એકાદો પગ લંગડાઈને ગલોટિયું ખાઈ જાય. ફરી પાછાં દડબડ દડબડ દોડવા લાગે. નજીક કોઈ જાય તો ચપ, જમીનસરસાં ચંપાઈ સંતાઈ જાય. દૂરથી લાગે કે જાણે નાનો પથ્થર પડ્યો છે. તમે જો તેને શોધી પકડવા જાવ તો આમતેમ દોડતાં લપાતાં સંતાતાં જાય ને ક્યારેક કાળાં ઢેફાંની ઓથે દબાય તો ક્યારેક બોરડીનાં ઝાંખરાંમાં ભરાય. આ બધી રમત વચ્ચે જીવલેણ ટિટોડીનો ટિટિયારો તો ચાલુ જ હોય.

નાનપણમાં પોરબંદરમાં તો જાદુઈ ખજાનો શોધવા નીકળ્યા હોય તેવી રીતે ટિટોડીનાં ઈંડાં શોધવા જતા અને જો તે જડી આવે તો નજીકના મિત્રોને પણ બાતમી આપતા નહીં. રાજકોટમાં યુનિવર્સિટી આસપાસનાં મેદાનોમાં, તેને ધરાઈને જોઈ છે. અમારો એક મિત્ર અનંતમૂર્તિ તો તેના પર રિસર્ચ કરતો. ગૉગલ્સ, કૅપ પહેરીને કલાકો સુધી તેની દિનચર્યાનું અવલોકન કર્યા કરતો, તેની વસાહતો નોંધતો... કોઈને તેની નવાઈ લાગતી તો વળી પૂછતુંય ખરું, "આ શું આખો દી ટિટોડીની વાંસે હરફર કઈ રે રાખો સો? ઈમાં તે વળી શું જાણવાનું હોય?" અમારો તે ટિટોડીમિત્ર કહે, એમાંય ઘણું જાણવાનું છે. તે જે સંશોધન કરી ડૉક્યુમેન્ટ કરતો તેવી પીળી ટિટોડી ક્યારેક નદીના પટમાં રડીખડી જોવા મળતી અને હા, એક ટિટોડીએ તો અગાશી પર પણ માળો બાંધ્યો. અહીં ફરી રાજકોટમાં આવવાનું થયું છે અને શહેરથી દૂર ખુલ્લી જમીન વચ્ચે રહેવા મળ્યું છે, તો એવું લાગે છે કે જાણે ફરી ટિટોડીનું સાંનિધ્ય સાંપડ્યું છે.


ક્યારેક સાંજના ધૂંધળા અંધકારમાં જમીન અને અંધકાર સાથે લગભગ ભળી જતી ટિટોડીઓનું મૂગું ઝુંડ જોઉં છું. અરવ પગલે એ પ્રગલ્ભ ટિટોડીઓ થોડું ચાલી ઊભી રહી જાય છે. એમની એ મૌન ગતિથી સાંજ વધુ રહસ્યમય થઈ જાય છે.

એ તો હતી જમીનની મહારાણી ટિટોડી. આકાશને ય એક એવી સમ્રાજ્ઞી મળી છે - સમળીરૂપે. મધ્યાહ્નનો પ્રહર હોય, બળબળતી લૂના ઊનાઊના થપાટા વાગતા હોય, તડકો જાણે તિખારાની જેમ વરસતો હોય. પડછાયા તડકાના માર્યા તેના પાયામાં સંતાઈ ગયા હોય, આકાશમાં એક ચકલુંય ફરકતું ન હોય, વૃક્ષો તેના કૃપણ પરછાયાની સરવાણી ચાટતાં હોય ત્યારે આકાશમાં નજર કરી જો જો. આકાશમાં ઊંચે ઊંચે બે-ચાર સમળી જરૂર સેલારા મારતી નજરે પડશે.

ક્યાંય ઊડવાનું નહીં. ક્યાંય પહોંચવા પાંખો વીંઝવાની નહીં. બસ કેવળ દીર્ઘ ચક્કર ઉડ્ડયન... એક ધીમું લલિત લાસ્યયુક્ત ગ્લાઇડિંગ. પાછળની પાંખને ઍન્ટેનાની જેમ સહેજ ઝુકાવે અને સહેજ તિર્યક્ દિશામાં ગોળ ચાપ દોરતી તે આગળ સરકે. એમ જ તેના ઉડ્ડયનથી મોટું વર્તુળ રચતી જાય. એ જ અલસ ઉડ્ડયનમાં રાચતી સમળી નીચે જો કશુંક, જીવજંતું જેવું જોઈ જાય તો પાંખો શરીર સરસી જડી દઈ તીરની જેમ નીચે આવી, ઝપાટાબંધ ચીલઝડપ કરી જાય. જોકે તેની આવી ચેષ્ટા છતાંય તેના માટેનો સ્થાયીભાવ તો માનનો જ રહે. મને તો તે કોઈ સમ્રાજ્ઞી જેવી જ લાગી છે. તીક્ષ્ણ ચાંચ, તીક્ષ્ણ નહોર અને તેથીય તીક્ષ્ણ નજર. આખા ભૂમિ-દૃશ્યને જાણે એક નજરમાં પામી લેતી ન હોય? 'વિહંગાવલોકન' તે શબ્દ કદાચ સમળીને જોવાથી જ સૂઝ્યો હશે. દૂરથી રોજ જોયેલી સમળીને પહેલી વાર નજીકથી જોઈ ત્યારે બહુ જ અજાણી લાગેલી.

સમળી આમેય વહાલી તો હતી જ, પણ હૃદય પર તેનો હકદાવો પાકો કરાવવા તે તો જીવનાનંદદાસનેય લઈ આવી. જીવનાનંદદાસને તેની આંખ નેતરના પીળા ફૂલ જેવી લાગી છે. આકાશમાં તેનું કંદન કોઈ કરુણાભાવને જગાડે છે. તેની પાંખમાં ગઈ કાલના તડકાની ગંધ છે, તો કોઈ પીપળાની ડાળે બેઠેલી નર સમળીની ઝાકળભીની આંખ જેવાં નક્ષત્રો છે.

આજેય બપોરે આકાશમાં નજર કરું છું અને જો સમળી નથી દેખાતી તો મન પાછું પડે છે. બપોરને બપોર કહેવા મન રાજી થતું નથી. આટલો બૃહદ્ નિરવધિ અવકાશ આમ અમસ્તો અનુભવાતો નથી, પણ જ્યારે તેમાં સમળી નામનું તરતું ટપકું મળે છે ત્યારે જ તે અનુભવાય છે.



# બે પંખીપ્રેમી આદમી

રાઇટબંધુઓએ આકાશમાં ઊડતાં વિમાનો શોધ્યાં તે પહેલાંય ગગનગામી ગગનવિહારી બનવાની માણસની ઇચ્છા માનવજાતની ઉત્ક્રાંતિ જેટલી જ પુરાણી હશે. કારણ, માણસ ઉત્ક્રાંત થયો તે પહેલાંય આ પૃથ્વી પર આકાશમાં પોતાની આણ ફેલાવતાં પક્ષીઓ તો હતાં જ. ગ્રીક પુરાણકથાના ઇકેરસે તો મીણની પાંખો લગાવી ઊડવાનો પ્રયત્ન કર્યો, પાંખો પીગળી ને તે પૃથ્વી પર પટકાયો, પણ તે છતાં માણસે ઊડવાનું સપનું જોવાનું ચાલુ રાખ્યું. કરોડો માણસોએ વિમાનમાં આકાશવિહાર કર્યો, હજારો માણસોએ પૅરૅશૂટ, બલૂન ને ગ્લાઇડિંગની મજા માણી, ને માણસે ચંદ્ર પર પગ પણ મૂક્યો, તે છતાં પોતાની રીતે જ - જાતે જ આકાશમાં ઊડવાનું સપનું તો રહ્યું જ. નાનકડી ચકલી હોય, પતંગિયું હોય કે ક્ષુદ્ર જંતુ મચ્છર આપણી ઈર્ષાનું ભાજન બનવાનું જ. પંખીઓને તો ઉડાન સાથે રંગો અને કંઠ પણ આપ્યો. અનેકવિધ પક્ષીસૃષ્ટિ આપણી સામે હોવા છતાં તે વિશે આપણું જ્ઞાન સીમિત જ. માત્ર આપણા શહેરી લોકો જ નહીં, મોટા ભાગના ગ્રામવાસીઓનું પણ એવું જ. મોર, કોયલ, પોપટ, બગલા, કબૂતર, ચકલી જેવાં પક્ષીઓને બાદ કરતાં મોટા ભાગના લોકો માટે તો ‘ચણે તો ચકલું, નહીં તો મોર તો છે જ’ એવો ઘાટ.

ગામડાંમાં કે અંતરિયાળ જંગલમાં રહેતાં મોટા ભાગનાં પક્ષી અજ્ઞાની લોકોમાં અપવાદરૂપે મેં બે જ્ઞાની જોયાં. બંને અભણ પણ પંખીપોથીની આખી બારાખડી મોઢે. એમાંના એક હિંગોળગઢના રામજીભાઈ કોળી. આજથી પાંત્રીસેક વરસ પહેલાં બર્ડ-વૉચિંગ કેમ્પમાં પંદર દિવસ

હિંગોળગઢના મોતીસરીના ઝાંખરવનમાં રહેવાનું થયેલું. લવકુમાર ખાચર, લાલસિંહ રાઓલ જેવા ધુરંધર પક્ષીવિદો કૅમ્પના માર્ગદર્શક હતા, તો બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાયટીમાંથી પણ પક્ષીઓને રિંગ પહેરાવવાના અનુભવી પક્ષીવિદ રેક્ષ આવ્યા હતા. કૅમ્પનું નજરાણું હતા પંખીવિજ્ઞાનના ભારતના ભીષ્મપિતામહ ડૉ. સલીમ અલી. રોજ રોજ અમને જંગલ-ઝાડી મેદાનના કે જળનાં નવાં નવાં પક્ષીઓની ઓળખાણ થતી જાય. સાંજ પડ્યે ડુંગર પરના મહેલમાંથી ટેકરીઓની મેર આથમતા સૂરજમાં જંગલ ધીમે ધીમે ધૂંધળું થઈ અંધકારમાં ઢંકાઈ જાય, એક સ્વપ્નિલ દૃશ્ય.

હિંગોળગઢ ગામમાં એક ગરીબ ખેડૂત રામજીભાઈ, જાતે કોળી, સાવ અભણ. પગે સહેજ ખોડ એટલે ચાલ ધીમી. ઓતરા-ચિતરાના તાપે તપ્યો સીસમ જેવો વાન. ચોરણી ને ઉપર બાંય વગરની બંડી તેમનો પહેરવેશ. કાળાં પણ કસાયેલાં બાવડાં કાળી મજૂરીની શાખ પૂરે. આગળ પડતા પીળા દાંત, ધોળી મૂછો. હસે એવું ભોળું કે પોતાના કરી લે. જીંથરાભાભા જેવા આ રામજીભાઈને ગામલોક કિંગકોંગ તરીકે બોલાવે. કિંગકોંગનું પિક્ચર કોઈ જોઈ આવ્યું હશે. તેનાં રંગરૂપ ને ચાલ જોઈ રામજીભાઈને ખીજવવા નામ પાડ્યું હશે. કિંગકોંગ બોલતાં ન આવડે તેથી ઘણા 'કિંગકોસ' પણ કહે. રામજીભાઈએ એ નામ પ્રેમથી સ્વીકારી પણ લીધેલું. આવો પ્રેમાળ માણસ ઉપહાસનું પાત્ર બને, પણ તેનું બીજું પાસું એવું કે બધા તેમને માનની નજરે જુએ. જસદણના શિવરાજકુમાર ખાચર હોય કે લવકુમાર ખાચર હોય જો ગલમાં બર્ડ-વૉચિંગ માટે જવાનું હોય તો રામજીભાઈ સાથે જ હોય. પંખીજ્ઞાનમાં તેની ગજબની કોઠાસૂઝ અને એમાં ભળ્યો શિવરાજ કુમાર ખાચર - લવકુમાર ખાચર કે અવારનવાર આવતા ડૉ. સલીમ અલીનો સહવાસ. અભણ એવા આ જણને અનેક પંખીનાં નામ મોઢે. માત્ર ગુજરાતી નહીં, પણ અંગ્રેજી અને લૅટિન નામ પણ. દરેકને ઓળખે ને તેની ખાસિયત જાણે. કયું પંખી ક્યારે આવે, ક્યારે પાછું જાય, ક્યાં માળો બાંધે, કેવું કુંજે બધી તેને ખબર હોય. જંગલનો જબરો ભોમિયો. પંખીને પકડી રિંગ પહેરાવવી હોય તો તેનો સાથ જોઈએ જ.

ભોળો પણ એવો જ. ઘણાં વરસે મળ્યા ત્યારે ઓળખાણ કાઢી. તેને

ખોરડે ગયા તો રાજી રાજી. ચૂલે રાંધતા હોય ને ઘર ખાવા ધાતું હોય તેવી તેની કંગાળ દશા, પણ મહેમાનગતિ મોટા ઘર જેવી. બંને જણ કહે, "ઘણા ટે'મે આઈવા છો તો ઈમ ન ઈમ નય જાવાનું. બે ઘડી બેહો યાં હું ભજિયાં પાડી દઉં." એકની એક દીકરીને પરણાવેલી. અવસ્થા થઈ ત્યારે ખેતરેય વેચી નાખેલું. રામજીભાઈ ક્યારેય બે પાંદડે ન થયા ને મરી ગયા. આવા પંખીકળા માણસે લોકલ ગાઇડ તરીકે પોતાનું જ્ઞાન વેચ્યું હોત તો બે પૈસા કમાયા હોત. શક્ય છે ઠેરઠેર આવા પ્રકૃતિપ્રેમી પંખીપ્રેમી માણસો હશે જેની ક્યાંય નોંધ ન લેવાઈ હોય, કોઈ જર્નલમાં તેમના પેપર નંઈ છપાયા હોય, કોઈ છાપામાં તેમના ફોટા નહીં આવ્યા હોય, પણ તેથી તેમને કોઈ ફરક નથી પડતો.

આવો જ એક પંખીકળો આદમી એટલે ડાંગ નૅશનલ પાર્કનો રોજમદાર માદિયા અનાજુ. બે વરસના ડાંગનિવાસ દરમિયાન વિરલ ગાયક પક્ષી - શામાને સાંભળવા વાંસદા અભયારણ્યમાં હું અને મહેન્દ્રસિંહ પરમાર ગયેલા ત્યારે ત્યારના ફૉરેસ્ટ ઑફિસર જોશીસાહેબે એક રોજમદાર આદિવાસી માદિયાને સાથે મોકલેલો. ચાલતાં ચાલતાં છેક અંતરિયાળ ઘેઘૂર વાંસવનની ઝાડી સુધી લઈ ગયેલો. રસ્તામાં મોટું લક્કડખોદ, કંસારો, ભીમરાજ, શોબીગી જેવાં નાનાં-મોટાં પક્ષીઓ બતાવતો જાય ને તેનાં અંગ્રેજી નામ પણ બોલતો જાય. અમે તો આશ્ચર્યચકિત. સુરત નૅચર ક્લબના મુકેશ ભટ્ટ જ્યારે પણ બર્ડકૉલના કે વિડિયો રેકૉર્ડિંગ માટે અહીં આવે ત્યારે માદિયા સાથે જ આ ડુંગરા ખૂંદે. પંખીપ્રેમી મિત્રોમાં માદિયા જાણીતું નામ. પંખીપ્રેમી મિત્રોને લીધે માદિયાનું ને માદિયાને કારણે પંખીપ્રેમી મિત્રોનું અરસપરસ જ્ઞાન વધતું જ જાય. બર્ડ-વૉચર તો બેપાંચ દિવસમાં જતા રહે, જ્યારે માદિયા તો ત્રણસો ને પાંસઠ દિવસ ત્યાં જ - પંખીઓની વચ્ચે પંખીપ્રેમી. ત્યાંનાં પંખીઓ વિશે તેનાથી વધારે બીજું કોણ જાણે.

હમણાં ગયા વરસે ચોમાસા પછી ફરી ડાંગ જવાનું થયું. આ વખતે તો ઉતારો જ વાંસદા નૅશનલ પાર્કની કિલાત કૅમ્પસાઇટ પર હતો. ફરી માદિયાને યાદ કર્યો. તે સમયના વનઅધિકારીને વિનંતી કરી કે પંખીઓ

જોવા માદિયાને સાથે મોકલો. બીજે દી સવારે આઠ વાગ્યે છત્રી લઈ એ ભોળો જણ હાજર. પાછોતરા વરસાદથી જંગલ ભીનું ને ક્યાંક કાદવિયું હતું. પોતે ભીની જમીન ગારો તપાસતો આગળ ચાલતો જાય ને અમને દોરવતો જાય. ક્યાં જમીન નક્કર છે ને ક્યાં પગ ખૂંપે તેમ છે તે બતાવતો જાય. ચાલતો ચાલતો પક્ષીઓ જ નહીં, જંગલનાં ઝાડ અને ઔષધિઓ પણ બતાવતો જાય. તેના સરવા કાન ને ચકોર નજર ગીચ ઝાડીમાંથીય પંખી શોધી કાઢે ને અમને બતાવે. અનેક પક્ષીઓના કૉલની બાદ નકલ પણ કરે. ફરી તેણે અમને ભીમરાજ, લક્કડખોદ, મોટો કંસારો, શામા જેવાં કેટલાંય પક્ષીઓ બતાવ્યાં. બે કલાકમાં મોટા ડુંગરની પ્રદક્ષિણા કરી પાછા આવ્યા ત્યારે તેની મહેનત, લગન ને જ્ઞાનની કદરરૂપે થોડી રકમ હાથમાં મૂકી તો તે પણ બહુ આનાકાની પછી સ્વીકારી. આવા જ પંખીકળા જણ છે જામનગર - ખીજડિયા પંખી અભયારણ્યના વનકર્મી જુમાભાઈ મોરિયા. આવા પંખીકળા લોકોનું પંખી નિરીક્ષકો તરીકે નામ નહીં થવાનું, પણ સારા પક્ષી નિરીક્ષકોને આવા પંખીકળા ભોમિયા વિના ચાલવાનું પણ નહીં.



## શિયાળાના જલસા

છાપામાં, ટી.વી.ની ચૅનલોમાં શિયાળાની ઠંડીના વરતારા ચમકારા અને કાળા કેરના સમાચાર ડોકાવા લાગ્યા છે. આપણે પણ શહેરેશહેરના ચડતા ઊતરતા પારા સાથે આ વર્ષની ઠંડી કેવી લાગી તેની ચર્ચાએ ચડી ગયા છીએ. “ઓણ સાલ તો શિયાળા જેવું કંઈ લાગતું જ નથી” તેમ કહેનારા આપણે કહેવા લાગીએ છીએ કે “હવે શિયાળો જામ્યો કહેવાય.” તો વળી ઠંડી વધતાં આપણાથી કહેવાઈ જાય “ઠંડીએ તો ભુક્કા કાઢી નાખ્યા.” એક જમાનામાં આપણી ઋતુએ ઋતુની વિશિષ્ટતા વર્ણવતા ‘બારમાસા’ એ આપણા સાહિત્યનો વિશિષ્ટ પ્રકાર હતો. હવે આધુનિક જગતની ઋતુઓ પર બારમાસા લખાય તો કંઈક જુદી જ રીતે લખાય. કારણ, કોઈ ઋતુ રૂસણે બેઠી છે, કોઈ લેટ લતીફની જેમ મોડી આવે છે તો ક્યાંક ચોમાસા જેવી ઋતુઓ સમૂળગી આવતી જ નથી. ખેર! આપણાં કર્યાં આપણે ભોગવીશું.

આપણી છ, પણ આમ તો ત્રણ ઋતુઓની દરેકની મજા જુદી તો ખરી. વિષુવવૃત્ત પરના દેશોને બારેમાસ શિયાળો. આપણે નસીબદાર કે આપણને છ ઋતુઓ મળી. શિયાળાની તેની પોતાની મજા. ઉનાળામાં પવનની બેરોકટોક આવ-જા માટે ખુલ્લાં રાખેલાં બારી-બારણાંમાંથી ચોમાસું આવતાં બારણું બંધ થઈ જાય ને બારીની આંખે બહારનો વરસાદ આપણે માણતા રહીએ, પણ શિયાળામાં તો ઘર પોતાનામાં જ સમેટાઈ ગૂંચળું વાળીને ગોટમોટ પડ્યું રહે. બારણાં તો ઠીક, પણ શિયાળામાં તો

બારીઓ પણ બંધ થઈ જાય. સહેજ ખુલ્લી રહેલી બારીમાંથી આવતા ઠંડા પવનની અણી પણ આપણને વીંધી નાખે.

પગ સંકોચી કોકડું વળી ગયેલા કાચબા જેવું ઘર આમ બહારથી ભલે નિષ્પ્રાણ લાગતું હોય, પણ અંદરથી જાતજાતની ગતિવિધિઓથી ધમધમતું હોય. ઠંડી પડવાની શરૂઆત થઈ હોય તો પેટી-પટારા, બૅગ, કબાટમાં સાચવેલાં રંગબેરંગી સ્વેટરો, શાલ બહાર નીકળતાંવેંત જ ડામરની ગોળીની વિશિષ્ટ હુંસળી ગંધથી મઘમઘતું હોય. શક્તિ-સંચયની આ ઋતુમાં રસોડાની કામગીરી પણ વધી જાય. કોઈ ઘરમાં આંબળાનો જીવન ચ્યવનપ્રાશ બનાવવાનું કામ કારખાનાની જેમ ધમધમતું હોય. એક તરફ તેજાના ખંડાતા હોય, બીજી તરફ આંબળાં બફાતાં હોય તો ત્રીજી તરફ કેસર કલવાતું હોય અને સ્વાદિષ્ટ, મધુર, સહેજ તમતમતું સહેજ ખાટું તૂરું જીવન તૈયાર ખાધા કરો. આખો શિયાળો રવિવાર જેવી રજા હોય તો મેથીપાક કે અડદિયા બનાવવાનો કાર્યક્રમ શરૂ થઈ ગયો હોય. ધીમા તાપે અડદિયાનો લોટ શેકાવાની કે સાચા ઘીમાં ગુંદર તળાવાની, મેથી શેકાવાની એમ જાતજાતની ગંધથી ઘરનું વાતાવરણ જ સ્વાદિષ્ટ થઈ ગયું હોય. લીલી હળદર, આંબાહળદર અને આદુની તો આ જ સીઝન. લીલું લસણ અને કોથમીરની મજા પણ શિયાળાની. આમ શિયાળાની મજા એટલે લસણની, કોથમીરની કે ફુદીનાની ચટણીની મજા ને જાતજાતના સૂપની રેસિપીનો અખતરો પણ શિયાળામાં જ. રાઈ ચડાવેલા ધુમાડા કાઢતાં તમતમતાં મરચાંનું અથાણું, રીંગણાંનો ઓળો કે ઊંધિયું પણ કેમ ભુલાય? અને તલ, સિંગ કે દાળિયાની ચીકી માટે પીગળતા ઊકળતા ગોળની પાઈની ગંધ પણ શિયાળા સિવાય ક્યાં મળવાની?

શિયાળો આમ ભલે પાનખર ગણાય. બૂચનાં ફૂલો સિવાય બીજો કોઈ વૈભવ નહીં, ગલગોટા સેવંતીના રંગો ખરા, પણ બગીચામાં જોકે રંગબેરંગી સ્વેટરો, શાલો અને ટોપીઓના રંગોને લીધે ઘરમાં જ રંગોની બહાર આવી જાય. રંગબેરંગી સ્વેટર, ટોપીમાં ઢબૂરાયેલાં ટાબરિયાં તો ચડ્ડી પહેન કે ફૂલ ખીલા હૈ જેવાં લાગે. લાલ, લીલા, જાંબલી, કેસરી, પીળા, બદામી, કથ્થાઈ, નારંગી કેટકેટલા રંગનાં સ્વેટર્સ! અને શાલ પણ કેવી અવનવી બારીક

નકશી અને ભરત ભરેલી. શિયાળામાં બીજો પણ એક રંગવૈભવ છલકે તે ફૂલોના રંગોનો નહીં, પણ શાકભાજીના રંગોનો. રીંગણાં કેટકેટલા રંગોનાં! ઓળાનાં રીંગણાં, કાળાં, લાંબાં રીંગણાંનો ઘેરો, જાંબલી તો રવૈયાનો આછો જાંબુડી, મોગરીના બે રંગ લીલી અને જાંબલી, દેશી ગાજરનો ઘેરો કથ્થાઈ, પરદેશી ગાજરનો કેસરી, ફ્લાવરના ગજરાનો આછો પીળો, કોબીના દડાનો ઓલીવગ્રીન કે પોપટી, ટામેટાંનો લાલચટ્ટાક તો બોરનો લીલો, પીળો. બધે રંગો જ રંગો. નિસ્તેજ રસ્તા પરથી કે શેરીમાંથી એક શાકની રેંકડી નીકળે જાણે રંગોની પાલખી નીકળે. રોડ, શેરી રંગીન થઈ જાય. હું ચિત્રકાર હોઉં તો જાતજાતના રંગોથી ખીલેલી શાકની રેંકડીનાં ચિત્રો બનાવું જેમ લોકો ફૂલોના.

શિયાળાની રાત લાંબી ને નિર્જન. ઘરમાં સગડી તો બહાર તાપણાંની મજા. શાલ ધાબળા ઓઢી તાપણાં આસપાસ ઢબૂરાઈને બેઠેલા લોકોના ચહેરાઓ અગ્નિના લાલ પીળા પ્રકારથી વધુ સોહામણા લાગે. એ તાપણાંના અગ્નિની હૂંફ હોવાની સાથે સાથે એકમેકનો સાથ હોવાની હૂંફ પણ ભળે. શિયાળામાં ગોદડું ગુફા જેવું લાગે.

એક વાર અંદર ગોટમોટ ભરાઈ જઈએ પછી ચિંતા નહીં. માતાના ગર્ભમાં પણ આવી જ હૂંફ મળતી હશે.

શિયાળાની બીજી મજા તો સંગીત સાંભળવાની. કેમ ચોંકી ગયા ને? પણ ખરેખર શિયાળામાં હવા ઘટ્ટ સંગીત સાંભળવાની મજા એટલા માટે કે શિયાળામાં હવા ઘટ્ટ થતાં અવાજ પ્રસારણની વાહકતા વધે અને અવાજ વધારે સ્પષ્ટતાથી સાંભળી શકાય. શિયાળામાં સંગીતના સ્વરો વધુ ઘન ગંભીર થઈને આવે અને એ થીજેલી રાતમાં સંગીત સાંભળવાની મજા કોઈ ઑર જ છે. શાલ ઓઢીને સંગીતની મહેફિલ કે લોકડાયરો માણવા જેવો ખરો!